ડોર-ટુ-ડોરના ઇજારદારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ખર્ચે પોતાની ઈ-રિક્ષાઓ ચાર્જ કરવા માટે આખું ઈ-ચાર્જિંગ નેટવર્ક ઊભું કરી દીધું હોવાનો ગંભીર ખુલાસો

# વોર્ડ-4માં ઈ-ચાર્જિંગ કૌભાંડ : પાલિકાની વીજળી પર કોન્ટ્રાક્ટરની ચાર્જિંગની મજા

તાજેતરમાં લોકાર્પણ કરાયેલી નવી ઈ-રિક્ષાઓ પણ પાલિકાના વીજ બિલ પર ચાર્જ થતી હોવાની વાત સામે આવી છે



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મહાનગરપાલિકામાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનના કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતનો વધુ એક કિસ્સો સપાટી પર આવ્યો છે. શહેરના વોર્ડ નંબર-4ની કચેરીમાં જ ડોર-ટુ-ડોરના ઈજારદારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ખર્ચે પોતાની ઈ-રિક્ષાઓ ચાર્જ કરવા માટે આખું ઈ-ચાર્જિંગ નેટવર્ક ઊભું કરી દીધું હોવાનો ગંભીર ખુલાસો થયો છે. નિયમ મુજબ ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન માટે ઉપયોગમાં લેવાતા વાહનોના પેટ્રોલ, ડીઝલ કે ઈલેક્ટ્રિક ચાર્જિંગનો સમગ્ર ખર્ચ ઈજારદારે પોતે ભોગવવાનો હોય છે. છતાં વોર્ડ નંબર-4માં ઈજારદારે પાલિકાની તિજોરી પર ભાર પાડવા માટે વોર્ડ કચેરીમાં જ વીજ મીટર લગાવી ઈ-રિક્ષાઓ ચાર્જ કરાતી હતી. તાજેતરમાં લોકાર્પણ કરાયેલી નવી ઈ-રિક્ષાઓ પણ પાલિકાના વીજ બિલ પર ચાર્જ થતી હોવાની વાત સામે આવી છે.

નવાઈની વાત એ છે કે જ્યાં આ કૌભાંડ ચાલી રહ્યું હતું, ત્યાં જ પૂર્વ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તથા વિજિલન્સ અધિકારીની કચેરી આવેલી છે. ગેરરીતિ રોકવાની જવાબદારી ધરાવતા અધિકારીઓની જ નાક નીચે સરકારી વીજળીનો દુરુપયોગ થતો રહ્યો, છતાં તંત્ર અજાણ હોવાનું નાટક કરતું રહ્યું.

સ્થાનિક કોર્પોરેટર આશિષ જોષી એ આ મામલે ઉગ્ર વિરોધ નોંધાવતા પાલિકાના તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. કૌભાંડ બહાર આવતા જ તપાસના બદલે ઈજારદારને બચાવવાના પ્રયાસો શરૂ થયા હોય તેમ જણાયું. સેનેટરી વિભાગ અને વોર્ડ કચેરીના કર્મચારીઓએ રાતોરાત ત્યાંથી ઈ-ચાર્જિંગ સ્ટેશન હટાવી દીધું, જેના કારણે પુરાવા નાશ કરાયા હોવાની શંકા વધુ ઘેરાઈ છે.હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે અત્યાર સુધી કેટલી ઈ-રિક્ષાઓ અહીંથી ચાર્જ થઈ અને પાલિકાને કેટલું આર્થિક નુકસાન થયું? ચાર્જિંગ સ્ટેશન તો ગાયબ કરી દેવાયું છે, પરંતુ આ કિસ્સાએ પાલિકાના વહીવટમાં ચાલી રહેલી પોલમપોલ ફરી એકવાર જનતા સામે ખુલ્લી પાડી દીધી છે.

### તપાસ અને દંડની માંગ

જાગૃત નાગરિકો અને વિપક્ષ દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે: ઇજારદાર પાસેથી અત્યાર સુધી વપરાયેલી વીજળીની રકમ દંડ સાથે વસૂલવામાં આવે. કોન્ટ્રાક્ટરને છાવરનાર સેનેટરી ઇન્સ્પેક્ટર તથા જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી થાય. આવી ગેરરીતિ અન્ય વોર્ડ કચેરીઓમાં પણ ચાલી રહી છે કે નહીં, તેની વિજિલન્સ દ્વારા તપાસ કરાવવામાં આવે.

વર્ષોથી ધૂળ ખાતી પાઈપો અને કોન્ટ્રાક્ટરની ઉદાસીનતાથી રહીશોમાં ભારે રોષ

# પરશુરામ ભટ્ટાના રહીશો પાણી માટે તરસે છે અને સરકારી પાઈપો ભંગારમાં ફેરવાઈ

**મંજૂરી** હોવા છતાં કામગીરી ઠપ્પ; તડકા-વરસાદમાં બરડ થયેલી પાઈપો હવે કામ લાગશે કે નહીં તે મોટો સવાલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટીના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ શહેરના પરશુરામ ભટ્ટા વિસ્તારની વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. આ વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી રહીશો પીવાના શુદ્ધ પાણી માટે વલખાં મારી રહ્યા છે. સ્થાનિકોના ઉગ્ર વિરોધ બાદ પાલિકાએ નવી પાઈપલાઈન નાખવાની મંજૂરી તો આપી, પરંતુ તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતને કારણે આજે એક વર્ષ વીતવા છતાં કામગીરી ઠપ્પ પડી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે અંદાજે એક વર્ષ પહેલા વિસ્તારમાં મોટી સંખ્યામાં નવી પાઈપો ઉતારવામાં આવી હતી. જોકે, કોન્ટ્રાક્ટર દ્વારા આ પાઈપો નાખવાની તસદી લેવામાં આવી નથી. હાલ આ પાઈપો ખુલ્લામાં પડી રહી હોવાથી તેની આસપાસ જંગલી ઝાડી-ઝાંખરા ઊગી નીકળ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે ખરીદાયેલી આ સરકારી મિલકત અત્યારે ધૂળ ખાઈ રહી છે, જેના કારણે રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વડોદરા મહાનગર સેવાસદનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચેની મિલીભગતના કારણે આ કામ અટક્યું છે. જનતાના ટેક્સના પૈસાનો આ રીતે વેડફાટ થતો જોઈને લોકોમાં પાલિકાની કાર્યપદ્ધતિ સામે અનેક સવાલો ઊભા થયા છે. એક તરફ પાણીની બૂમરાણ છે અને બીજી તરફ સાધન-સામગ્રી હોવા છતાં કામ કરવામાં આવતું નથી, જે પાલિકાની ઉદાસીનતા સ્પષ્ટ કરે છે. હવે જોવાનું એ રહે છે કે, નિંભર તંત્ર જાગશે ખરું? શું પરશુરામ ભટ્ટાના રહીશોને વહેલી તકે પીવાનું પાણી મળશે કે પછી આ પાઈપો આમ જ ધૂળ ખાતી રહેશે?

### પાઈપોની ગુણવત્તા સામે સવાલ



એક વર્ષથી તડકા અને વરસાદમાં ખુલ્લામાં પડી રહેલી આ પાઈપો હવે વાપરવા લાયક રહી છે કે કેમ, તે એક મોટો પ્રશ્ન છે. રહીશો આક્ષેપ કરી રહ્યા છે કે "અમે પાણી વગર હેરાન થઈએ છીએ, અને બીજી તરફ સરકારના કરોડો રૂપિયાની પાઈપો અહીં સડી રહી છે. પાલિકા અને કોન્ટ્રાક્ટર માત્ર વાયદા કરે છે, કામ નહીં." ખુલ્લામાં પડી રહેલી પાઈપો લાંબા સમયથી પડતર હોવાથી તે બરડ થઈ ગઈ હોઈ શકે છે. જો આ પાઈપો અત્યારે નાખવામાં આવે, તો તે ભવિષ્યમાં કેટલો સમય ટકશે? શું આ પાલિકા દ્વારા કરવામાં આવતો માત્ર દેખાડો છે કે પછી જનતાના પૈસાનું મસમોટું કૌભાંડ?

# 11 જાન્યુઆરીએ કોટંબી સ્ટેડિયમમાં રમાશે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ ડે નાઈટ ODI

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

બરોડા ક્રિકેટ એસોસિએશનના કોટમબી સ્થિત સ્ટેડિયમમાં આગામી 11 મી જાન્યુઆરીએ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વનડે ઈન્ટરનેશનલ મેચ રમાશે. ગ્રાઉન્ડની મુખ્ય પાંચ પૈકી કઈ એક વિકેટ ઉપર આ મેચ રમાશે, તેનો નિર્ણય બીસીસીઆઈના ક્યુટર દ્વારા લેવાશે. ટૂંક સમયમાં ઓનલાઈન ટીકીટ બુકીંગ શરૂ થશે.

વડોદરા શહેર નજીક વાઘોડિયા તાલુકાના કોટંબીમાં બીસીએ સ્ટેડિયમમાં 11મી જાન્યુઆરીના રોજ પ્રથમ મેન્સ વનડે ઈન્ટરનેશનલ મેચ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમવા જઈ રહી છે. બરોડા ક્રિકેટ એસોસિએશનના આ ક્રિકેટ સ્ટેડિયમમાં ગ્રાઉન્ડમાં મુખ્ય 11 વિકેટ છે. જેમાંથી ગ્રાઉન્ડમાં પાંચ પૈકી એક વિકેટ પર વન-ડે મેચ રમાશે. ત્યારે હવે આ ક્રિકેટ મેચને લઈને પૂર્વ તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી ગઈ છે. ખાસ કરીને હાઈવે પર ટ્રાફિક મેનેજમેન્ટનો પોલીસનો પ્લાનિંગ શરૂ થઈ ગયો છે. વનડે મેચના દિવસે હાઈવે ઉપર ટ્રાફિકની સમસ્યાની પરિસ્થિતિ ન થાય તેવું પ્લાનિંગ કરવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા ગોલ્ડન ચોકડીથી કોટંબી સ્ટેડિયમ સુધીના રૂટનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

મેચના દિવસે ચોક્કસ સમય માટે હાઈવેનો ટ્રાફિક રોકવાનું પણ પ્લાનિંગ થઈ રહ્યો છે. મેચના દિવસે નો એન્ટ્રી અને નોપાર્કિંગ ઝોનનું પણ અલાયદા જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. ત્યારે, લાંબા સમય બાદ વડોદરામાં ઈન્ટરનેશનલ મેચ રમાવા જઈ રહી હોય જેને પગલે ક્રિકેટ રસિકોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી તરફ ટૂંક સમયમાં ઓનલાઈન ટિકિટની બુકીંગની સુવિધા પણ શરૂ કરવામાં આવનાર હોવાની માહિતી મળવા પામી હતી.

કાયદાનો ભંગ કરતા શખ્સનો જાગૃત નાગરિકે મોબાઇલ પર વીડિયો ઉતાર્યો

# વડોદરામાં યુવકે ચાલુ કારે ઉપર બેસી જોખમી સ્ટન્ટ કરતા વીડિયો વાઈરલ થયો

**આ** વીડિયો કયા વિસ્તરનો તેની પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરમાં ચાલુ કાર પર એક યુવક બેસી જોખમી સ્ટન્ટ કરી રહ્યો હતો. તેનો કોઇ જાગૃત નાગરિકે તેનો મોબાઈલમાં વીડિયો ઉતારીને સોશિયલ મીડિયા પર વાઇરલ કરી નાખ્યો હતો. ત્યારે વારંવાર જોખમી સ્ટન્ટ કરી અન્ય લોકોના જીવ સાથે ચેડા કરતા આ શખ્સો સામે પોલીસ વધુ કડક કાર્યવાહી કરે તેવી પણ ચર્ચાએ થઇ રહી છે.

વડોદરા શહેરીજનોના માથે હાલમાં વિવિધ પ્રકારના જોખમી વિડીયો બનાવીનો સોશિયલ મીડિયા પર વાઈરલ કરવાની ગેલ્છા ચડી છે. અવાર નવાર લોકોનો જોખમી સ્ટન્ટ કરતા વીડિયો વાઈરલ કરતા હોય છે અને પોલીસ આ લોકો સામે કાર્યવાહી પણ કરતી હોય છે તેમ છતાં લોકો કાયદાનો ભંગ થતા હોય તેવા વીડિયો વાઈરલ કરતા હોય છે. ત્યારે વધુ એક જોખમી સ્ટન્ટ કરતો વીડિયો સોશિયલ મીડીયા પર વાઈરલ થયો હતો. જેમાં એક યુવકે ચાલુ થાર કાર પર બેસીને જઈ રહ્યો હતો. ત્યારે આ કોઇ જાગૃત નાગરિકે આ યુવકનો વિડિયો મોબાઇલમાં ઉતારી લીધો હતો અને સોશિયલ મીડિયા પર વાઈરલ કરી નાખ્યો હતો. ત્યારે આ વીડિયો કયા વિસ્તરનો તેની પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવશે તથા વીડિયોમાં દેખાતા કાયદાનો ભંગ કરનાર યુવક વિરુદ્ધ કાયદેસરની પગલા ભરાશે તેવી ચર્ચાએ જોર પકડયું છે.

# બીસીએના પૂર્વ સિલેક્ટર અને નેશનલ અમ્પાયર રવિ દેશમુખની અંતિમ યાત્રા નીકળી

( પ્રતિનિધિ )વડોદરા,તા.22



વડોદરા શહેરના વાસણા ભાયલી રોડ ખાતે આવેલ રાઈસ-1 ખાતે રહેતા અને દેશના સિનિયર નેશનલ અમ્પાયર તેમજ બીસીએમાં સિલેકટર રહી ચૂકેલા 67 વર્ષીય રવિ દેશ મુખ નું નિધન થયું છે. સોમવારે બપોરે 3:30 કલાકે તેમના નિવાસસ્થાન ખાતેથી અંતિમયાત્રા નીકળી ખાસવાડી સ્મશાન ખાતે પહોંચી હતી. જ્યાં તેમના અગ્નસંસ્કાર કરાયા હતા. વડોદરા શહેરના ક્રિકેટ ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે ઓળખ ધરાવતા અમ્પાયર તેમજ ભૂતપૂર્વ રણજી ટ્રોફી ખેલાડી રવિ દેશમુખ નું નિધન થયું છે, તેમણે અનેક મહત્વપૂર્ણ ક્રિકેટ મેચોમાં અમ્પાયર તરીકે સેવા આપી હતી. રણજી ટ્રોફીના ખેલાડી પણ તેઓ રહ્યા હતા. બેસ્ટમેન અને વિકેટ કીપર તરીકે તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

હોળીની રાત્રે 3 મોપેડ પર સવાર 8 લોકોને હવામાં ફંગોળ્યાં હતા

# રક્ષિત કાંડના મુખ્ય આરોપી રક્ષિત ચોરસીયાના હાઈકોર્ટે જામીન મંજૂર કર્યાં

કોર્ટ દ્વારા જામીન નામંજૂર કરાત આરોપીએ હાઇકોર્ટના દ્વાર ખખડાવ્યાં હતા

(પ્રતિનિધિ) શિનોર, તા.22

ગત માર્ચ મહિનામાં હોળીના રાત્રીના સમયે રક્ષિત ચોરસીયાએ શહેરના કિશનવાડી વિસ્તારમાંથી ચિક્કાર નશો કરેલી હાલતમાં કાર ઓવર સ્પીડમાં દોડાવી હતી. વાયા સંગમ ચાર રસ્તા થઇ ચોરસીયા ઓવર સ્પીડમાં કાર દોડાવીને કારેલીબાગ વિસ્તારમા પહોંચ્યો હતો અને આમ્રપાલી કોમ્પલેક્ષ પાસે ત્રણ મોપેડ અડફેટમાં લઈને 8 લોકોને હવામાં ફંગોળ્યા હતા. જેમા ગંભીર રીતે ઘવાઇ ગયેલી એક મહિલાનું ઘટના સ્થળ પર મોત નિપજ્યુ હતું. જ્યારે અન્ય સાત લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. અકસ્માતના પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયાં હતા અને ચોરસીયાના ફટકાર્યો હતો. જેમાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો. કારેલીબાગ પોલીસે અકસ્માત કરનાર રક્ષિત ચોરસાયાની ધરપકડ કરીને રિમાન્ડ મેળવ્યાં હતા. દરમિયાન મેડિકલ કરાવતા આરોપીએ મિત્રો સાથે બેસીને ગાંજાનો નશો કરીને કાર ચલાવતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. જેથી પોલીસે રક્ષિત ચોરસીયા સામે અલગ ગુનો દાખલ કર્યો હતો. જેમાં પોલીસ દ્વારા રિમાન્ડ પુરા થતા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યાં હતા. ત્યારે નામદાર કોર્ટમાં આરોપીએ જામીન અરજી મુકી હતી પરંતુ વારંવાર નામંજૂર કરાઇ હતી. જેને લઇને રક્ષિતે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યાં હતા અને ત્યાં અરજ ગુજારી હતી ત્યારે હાઈકોર્ટ દ્વારા અકસ્માત કરનાર રક્ષિત ચોરસીયાના જામીન મંજૂર કર્યાં છે.

સંસ્કારી નગરીનો વારસો વેન્ટિલેટર પર!

# માંડવીના થાંભલાઓ કણસી રહ્યા છે, છતાં સત્તાધીશો મૌન

ઐતિહાસિક ધરોહરની જાળવણીમાં તંત્રની ઘોર બેદરકારી: 253 દિવસથી ચાલી રહેલી લડત છતાં પરિણામ શૂન્ય



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા 'સંસ્કારી નગરી' તરીકે ઓળખાતા વડોદરા શહેરની ઓળખ સમાન ઐતિહાસિક સ્થાપત્યો આજે તંત્રની ઘોર ઉપેક્ષાનો ભોગ બની રહ્યા છે. શહેરના હૃદય સમાન માંડવી વિસ્તારમાં આવેલા ઐતિહાસિક પિલરો અને માંડવી ટાવરની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. જાળવણીના અભાવે આ અમૂલ્ય વારસો ધીરે-ધીરે વિખરાઈ રહ્યો છે, જે વડોદરાવાસીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. સ્થાનિક અહેવાલો અને વિઠ્ઠલ મંદિરના પૂજારી હરી ઓમ વ્યાસના જણાવ્યા અનુસાર, માંડવી ટાવરના પાયામાંથી હવે કાંગરા ખરી રહ્યા છે. ઐતિહાસિક પિલરો અને તેની આસપાસની રચનાઓ ખસ્તા હાલતમાં ફેરવાઈ ગઈ છે. જો સમયસર આ સ્થાપત્યનું મરામત કે 'રી-કન્સ્ટ્રક્શન' કરવામાં નહીં આવે, તો ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ છે અને શહેર તેની એક મુખ્ય ઓળખ ગુમાવી શકે છે. આ બાબતે માત્ર સ્થાનિકો જ નહીં, પરંતુ રાજવી પરિવારના મહારાણી દ્વારા પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હોવા છતાં પાલિકા તંત્રના પેટનું પાણી હલતું નથી. સત્તાધીશો અને લોકપ્રતિનિધિઓની આ મૌન સંમતિ વારસાના વિનાશને નોતરી રહી હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. જો વડોદરા મહાનગરપાલિકા હજુ પણ જાગશે નહીં, તો વડોદરાનો આ 'અમૂલ્ય વારસો' માત્ર ફોટાઓમાં જ મર્યાદિત રહી જશે. હવે જોવાનું એ રહ્યું કે તંત્ર આ ગંભીર ચેતવણીને ધ્યાને લઈને ક્યારે જાગે છે.

રિમાન્ડ પૂર્ણ થયા બાદ પાદરા પોલીસે બંનેને ફરી કોર્ટમાં રજૂ કર્યાં

# પાદરાના મહલી તલાવડીમાં હત્યાના બંને આરોપી જેલના સળિયા પાછળ ધકેલાયાં

પિતાની હત્યા કરાવનાર સગી દીકરીને પણ નારી સંરક્ષણ ગૃહમાં મોકલી અપાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

પાદરા ડભાસા રોડ પર આવેલા મહલી તલાવડી ખાતે રહેતી સગીર દીકરીને ગામના યુવક રણજીત વાઘેલા સાથે પ્રેમ સંબંધ હતો. પરંતુ સગીરાના પિતાને શનાભાઈ ચાવડા યુવક ગમતો ન હતો. જેથી સગીરા તથા તેના પ્રેમી યુવક વચ્ચે પ્રેમ સંબંધમાં તેના પિતા આડખિલી બની રહ્યા હતા. જેથી સગી દીકરીએ પ્રેમી રણજીત સાથે મળીને તેમની હત્યાનો પ્લાન ઘડ્યો હતો. ત્યારબાદ 19 ડિસેમ્બરે મોડી રાત્રીના સમયે સગીરાએ ફોન કરીને પ્રેમીને બોલાવતા રણજીત તેના સાગરીત ભવ્યને લઈ આવ્યો હતો અને છાતીમાં ચાકુના ત્રણ ઘા મારીને તેમને મોત ઘાટ ઉતારી દીધા હતા. ત્યારે પોલીસ દ્વારા હત્યા કરનાર રણજીત તેના સાગરીત ભવ્ય તથા સગીરાની ધરપકડ કરી લીધી હતી.ત્યારબાદ પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરીને બંને આરોપીના 2 દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યાં હતા. 22 ડિસેમ્બરે બંનેના રિમાન્ડ પુરા થતા પોલીસે તેમને ફરી કોર્ટમાં રજૂ કર્યાં હતા. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા બંનેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાયાં છે.

જનતા પીવાના પાણી માટે તરસે, હરણી રોડ પર હજારો લિટરન પાલિકા પાણી 'વેડફે'!

# મોટનાથ-હરણી રોડ પર પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ, હજારો લિટર પાણીનો બગાડ



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરને 'સ્માર્ટ સિટી' બનાવવાની વાતો વચ્ચે તંત્રની ગંભીર લાપરવાહીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના મોટનાથ-હરણી રોડ પર પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા કલાકો સુધી હજારો લિટર શુદ્ધ પાણી રસ્તા પર વહી ગયું હતું. એક તરફ શહેરના અનેક વિસ્તારોમાં લોકો પૂરતા દબાણથી કે પૂરતા પ્રમાણમાં પાણી ન મળવાને કારણે હાલાકી ભોગવી રહ્યા છે, ત્યારે બીજી તરફ તંત્રની આ ઉદાસીનતાને કારણે કિંમતી જળનો અભિષેક રસ્તાઓ પર થઈ રહ્યો છે. મોટનાથ-હરણી રોડ પર પસાર થતી પાણીની મુખ્ય પાઈપલાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાયું હતું. ભંગાણ એટલું ગંભીર હતું કે પાણીના ફુવારા ઊડ્યા હતા અને જોતજોતામાં આખો રોડ જળબંબોળ થઈ ગયો હતો. કલાકો સુધી પીવાનું શુદ્ધ પાણી ગટરોમાં વહી ગયું હતું. સ્થાનિક રહીશો દ્વારા આ અંગે તંત્રને જાણ કરવામાં આવી હોવા છતાં, લાંબા સમય સુધી કોઈ પણ જવાબદાર અધિકારી કે કોન્ટ્રાક્ટર ઘટનાસ્થળે ડોકાયા નહોતા. આશ્ચર્યની વાત તો એ છે કે, જ્યારે રસ્તા પર હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો હતો, સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે કોન્ટ્રાક્ટરની લાપરવાહી અને તંત્રની ઉદાસીનતાને કારણે જ આવી પરિસ્થિતિ સર્જાય છે. કામગીરીમાં ગુણવત્તાનો અભાવ અને સમયાંતરે જાળવણી ન થવાને કારણે વારંવાર લાઈનોમાં ભંગાણ પડે છે. વડોદરામાં અવારનવાર પાણીની પાઈપલાઈનોમાં ભંગાણની ફરિયાદો ઉઠતી રહે છે.

આર્થિક રીતે ઉઘાડી લૂંટ : પ્રવાસી મુસાફરો હાલાકી વેઠવા મજબૂર

# એસટી ડેપોના શૌચાલયમાં પેશાબ કરવાની ફી 10 રૂપિયા!

ખાનગી ઇજારદારના કર્મચારી સામે મુસાફરોમાં ભારે રોષ, એસટી તંત્રની કામગીરી પર સવાલ







(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરામાં નાગરિકોને વિવિધ રીતે હાલાકી વેઠવી પડી રહી છે, ત્યારે હવે એસટી બસ ડેપો પણ આમાંથી બાકાત રહ્યો નથી. વડોદરા એસટી ડેપો ખાતે શૌચાલયમાં પૈશાબ કરવા માટે મુસાફરો પાસેથી રૂપિયા ઉઘરાવવામાં આવી રહ્યા હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. હાલ શહેરના તમામ જાહેર શૌચાલયોમાં પૈશાબ માટે નિઃશુલ્ક સુવિધા છે, તેમ છતાં એસટી ડેપોમાં ખુલ્લેઆમ ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. વડોદરા એસટી ડેપો ખાતે આજે એક મુસાફરે શૌચાલયમાં ચાલતી ઉઘરાણીનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. વીડિયોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે કે, શૌચાલયમાં પૈશાબ કરવા માટે રૂ.10 વસૂલવામાં આવી રહ્યા છે. વીડિયો ઉતારનાર મુસાફર ઉપરાંત અન્ય મુસાફરો પણ શૌચાલયમાં પૈસા માંગવામાં આવતા હોવાની ફરિયાદ કરતા નજરે પડે છે.

મહત્વની વાત એ છે કે વડોદરા શહેરમાં આવેલાં અન્ય તમામ જાહેર શૌચાલયોમાં માત્ર શૌચ ક્રિયા જવા માટે જ અંદાજે રૂ.10 ચાર્જ લેવામાં આવે છે, જ્યારે પૈશાબ માટે કોઈ ચાર્જ વસૂલવામાં આવતો નથી. તેવા સંજોગોમાં વડોદરા એસટી ડેપો ખાતે ખાનગી ઈજારદારને સોંપાયેલા શૌચાલયમાં ફરજ પર હાજર કર્મચારી દ્વારા મુસાફરો પાસેથી ખુલ્લેઆમ રૂપિયા વસૂલવામાં આવતા મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આ ઘટનાને લઈને એસટી તંત્રની દેખરેખ અને ખાનગી કોન્ટ્રાક્ટરની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. મુસાફરો દ્વારા માંગ ઉઠી છે કે, સમગ્ર મામલે તાત્કાલિક તપાસ કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં મુસાફરોને આવી હાલાકીનો સામનો ન કરવો પડે.

વડોદરામાં 'જિંગલ બેલ્સ'ની ગુંજ ઉઠી

# નાતાલના પર્વ નિમિત્તે ઉત્સવ પ્રિય નગરીના બજારો રોશનીથી ઝળહળ્યા

રૂ. 50 થી 15000 સુધીની ડેકોરેશન આઈટમ્સની ધૂમ ખરીદી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

સમગ્ર વિશ્વમાં આગામી દિવસોમાં નાતાલના પર્વની ઉજવણી થનાર છે, ત્યારે શહેરના મુખ્ય બજારોમાં નાતાલને હવે ગણતરીના દિવસો બાકી હોવાથી ખ્રિસ્તી ભાઈ-બહેનો સહિત અન્ય નાગરિકોની ખરીદી માટે ભારે ભીડ ઉમટી રહી છે. આ વર્ષે બજારમાં રૂ. 50થી માંડીને રૂ. 15000 સુધીની કિંમતની અવનવી ડેકોરેશન આઈટમ્સ આકર્ષણનું કેન્દ્ર બની છે. શહેરના મંગળબજાર અને રાવપુરા જેવા મુખ્ય વેપારી વિસ્તારોમાં ક્રિસમસ ડેકોરેશન અને ગિફ્ટ આર્ટિકલ્સના અનેક સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, આ વર્ષે બજારમાં ગત વર્ષની સરખામણીએ વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને નાના બાળકોમાં સાન્તાક્લોઝ અને ક્રિસમસ ટ્રીને લઈને ભારે ક્રેઝ છે. માત્ર ડેકોરેશન જ નહીં, પણ નાતાલ અને નવા વર્ષ નિમિત્તે એકબીજાને ભેટ આપવાની પરંપરાને કારણે ગિફ્ટ શોપ્સમાં પણ પર્સ, ઘડિયાળ અને પરફ્યુમ જેવી વસ્તુઓના વેચાણમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.



### ક્રિસમસ ટ્રી અને ડેકોરેશનની વિશાળ રેન્જ

સ્થાનિક વેપારી અમીનભાઈએ જણાવ્યું હતું કે, ગ્રાહકોના બજેટને ધ્યાનમાં રાખીને રૂ. 200થી લઇને રૂ. 15000 સુધીની કિંમતના વિવિધ કદના ક્રિસમસ ટ્રી ઉપલબ્ધ છે. આ ટ્રીને શણગારવા માટેની સામગ્રી જેવી કે: રંગબેરંગી લાઈટ્સ અને સ્ટાર્સ: રૂ. 100 થી 1700 સુધી. સાન્તાક્લોઝ ડ્રેસ: બાળકો માટેની પ્રથમ પસંદ. મ્યુઝિકલ સાન્તાક્લોઝ: રૂ. 500 થી 14000 સુધીના ડાન્સિંગ સાન્તા સ્ટેચ્યુ.